| PUBLICATION NAME : | Prabhat |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 11/07/2022 |
| PAGE: | 3 |

# દિવ્યાંગજન સશક્તિકરણ કેન્દ્ર અંતર્ગત સ્પેશિયલાઈઝડ ટ્રેનર્સ ટ્રેનિંગ પ્રોગ્રામ યોજાયો

ભારતીય ઉદ્યોગમિતા વિકાસ સંસ્થા (ઈડીઆઈઆઈ)એ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સમાજ સુરક્ષા નિયામક, ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમના સહયોગથી ઈન્સ્ટિટ્યૂટમાં દિવ્યાંગજન સશક્તિકરણ કેન્દ્ર (સેડા)ની સ્થાપના કરી છે. દિવ્યાંગો વચ્ચે ઉદ્યોગસાહસિકતા, રોજગારી અને આજીવિકાની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે આ સેન્ટરની સ્થાપના કરાઈ છે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય ક્ષમતા નિર્માણ અને તાલીમ દ્વારા દિવ્યાંગોની ઉદ્યોગસાહસિકતાની પ્રતિભાઓને બહાર લાવવાનો છે, જેથી એન્ટરપ્રાઈઝ નિર્માણ, રોજગારી અને આજીવિકાના ટકાઉ વિકલ્પો સુનિ?િત કરી શકાય.

આ અંતર્ગત ઈડીઆઈઆઈ કેમ્પસમાં ૨૭ જૂનથી ૦૧ જુલાઈ, ૨૦૨૨ દરમિયાન સીઈડીએ હેઠળ પાંચ દિવસીય રેસિડેન્શિયલ સ્પેશિયલાઈઝડ ટ્રેનર્સ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામમાં અમદાવાદ, ખેડા, સુરેન્દ્રનગર, દાહોદ, બોટાદ, આણંદ, મહેસાણા, વડોદરા, ભાવનગર, પોરબંદર અને કચ્છમાં કાર્યરત વિવિધ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશનના ૩૧ સહભાગીઓએ ભાગ લીધો હતો.

આ પ્રોગ્રામનો હેતુ ગુજરાતના દિવ્યાંગજનો માટે ઉદ્યોગસાહસિકતા અને કૌશલ્ય વિકાસ ક્ષેત્રે તાલીમ હાથ ધરવા માટે ટ્રેનર્સની કેડર તૈયાર કરવાનો છે. તેમાં દિવ્યાંગજન વચ્ચે ઉદ્યોગસાહસિકતાના ગુણો વિકસાવવા, તેમની સામેના પડકારોનો ઉકેલ, તેમના આર્થિક વિકાસ માટે સરકારની વિવિધ યોજનાઓ, સ્વપ્રરોજગાર માટે તાલીમ પ્રોગ્રામના આયોજન વગેરે જેવાં ઉદ્યોગસાહસિકતા સંબંધિત વિષયોને આવરી લેવાયા હતાં.

ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમના પ્રતિનિધિ શ્રી સુનિલભાઈ રાઠોડ ૨૭ જૂન, ૨૦૨૨ના રોજ ઉદ્ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહ્યાં હતાં તથા તેમણે સહભાગીઓને દિવ્યાંગજનો માટે ઉપલબ્ધ વિવિધ યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

અત્યાર સુધીમાં સીઈડીએના વિવિધ ક્ષમતા નિર્માણ કાર્યક્રમોથી ૨૬૨૨ દિવ્યાંગજનોને લાભ થયો છે.

ગુજરાતમાં દિવ્યાંગજનો માટે આ ટ્રેનર્સ સાત પ્રકારના ટ્રેનિંગ પ્રોગ્રામ યોજશે, જેમકે આંત્રપ્રિન્યોરશીપ અવેરનેસ પ્રોગ્રામ, કમ્યુનિટી આઉટરિચ પ્રોગ્રામ, આંત્રપ્રિન્યોરશીપ ઓરિએન્ટેશન પ્રોગ્રામ, થિમેટિક પ્રોગ્રામ, ડેવલપિંગ સોફ્ટ સ્કિલ પ્રોગ્રામ, લાઈવલીહૂડ પ્રોગ્રામ અને આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ.